# જન્મદિને વધામણી



**બિમલ હરિશભાઈ રાવલ**
**મો. ૯૪૨૮૫ ૯૫૬૦૦**



**બિનલ શૈલેષ મુનશી**
**એડવાઈઝર**
**એલઆઈસી, જીઆઈસી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# નૅશનલ મૅરિટ સ્કૉલરશીપમાં ધણપ પ્રાથમિક શાળા ઝળકી



## નૅશનલ મીન્સ કમ મૅરીટ સ્કૉલરશીપમાં ધણપ પ્રાથમિક શાળાના પાંચ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૮

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા અને વાર્ષિક દોઢ લાખની આવક ધરાવતા પરિવારના વિદ્યાર્થીઓ માટે નૅશનલ મીન્સ કમ મૅરીટ સ્કૉલરશીપ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

ભારત સરકારની આ યોજનાનું ગુજરાત રાજયમાં અમલીકરણ રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા થાય છે, જેમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત રાજ્યની ૫૦૯૮ બેઠકો માટે મૅરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવે છે, જેમાં પસંદગી પામનારા વિદ્યાર્થીઓને ધોરણ-૯થી ૧૨ સુધી દર વર્ષે રૂપિયા ૧૨ હજાર શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૨૦૧૮ની નૅશનલ મીન્સ કમ મૅરીટ પસંદગીમાં ધણપ પ્રાથમિક શાળાના પાંચ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષાની તૈયારી માટે બાળકોએ ધ્રાંગધ્રાના શિક્ષક ધનેશભાઈ શેઠની યુટ્યુબ ચૅનલ એજ્યુ મૅથ્સના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીઓને આચાર્ય વિજયાલક્ષ્મીબેન પટેલ અને પૂર્વ વિદ્યાર્થી રિતેશ ભટ્ટનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું હતું.

શાળા પરિવાર, એસએમસી અને વાલીઓ તરફથી મૅરિટમાં પસંદગી પામનારા વિદ્યાર્થી મન રાઠોડ, કૃશા રાઠોડ, નિલમ રાણા, વિશાલ ઠાકોર અને હર્ષકુમાર વાળંદને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કૅમ્પસ સંલગ્ન સંસ્થા શંકરસિંહ બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજીની યુથ બ્રિગેડ દ્વારા સૅલ્ફ ડિફૅન્સ ટૅકનીકની તાલીમનું આયોજન માર્શલ આર્ટ નિષ્ણાત રાજેશ યાદવના માર્ગદર્શનમાં યોજવામાં આવ્યો હતો. ટૅકનોલૉજી કૉલેજમાં ભણતા સૌ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈ સૅલ્ફ ડિફૅન્સની તાલીમ પ્રાપ્ત કરી હતી.




વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે વિદ્યાર્થીઓના હિતાર્થે શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાતો દ્વારા બોર્ડ, ગુજકેટ, જેઈઈ, નીટ, પ્રેક્ટિકલ, એનટીએ જેવા અભ્યાસક્રમોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું અને તેમના વ્યવસાયલક્ષી પ્રશ્નોનું યોગ્ય દિશાસૂચન કરવામાં આવ્યું હતું. વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શરીર અને સ્વાસ્થ્ય

**॥ ચોથો મણકો ॥**

આસપાસના ખેડૂતો પાસેથી પણ દૂધ સેવાગ્રામ આશ્રમ લે છે. તેઓનાં ઢોરની પરીક્ષા કોણ કરે ? દૂધ નિર્દોષ છે કે નહીં એ પરીક્ષા કઠિન વસ્તુ છે. એટલે દૂધને ઉકાળીને જેટલો સંતોષ મળી શકે એટલેથી કામ ચલાવવું રહ્યું. બીજે બધે આશ્રમના કરતાં ઓછી જ પરીક્ષા હોવાનો સંભવ છે.

જે દૂધ દેતાં પશુઓને વિશે લાગુ પડે છે તે માંસને સારુ કતલ થતાં પશુઓને વિશે વધારે લાગુ પડે છે. પણ ઘણે ભાગે તો ભગવાન ભરોસે જ આપણું કામ ચાલે છે. મનુષ્ય પોતાના આરોગ્યની ચિંતા ઓછી જ કરે છે. તેણે પોતાને સારુ વૈદ્ય, દાક્તરો, હકીમ વગેરેનો કોટ ચણી રાખ્યો છે.



લીલોતરીમાં પાંદડાની ભાજીઓ (પત્તી-ભાજી) જે મળે તે સારા પ્રમાણમાં રોજ શાકમાં હોવી જોઈએ. જે શાકો સ્ટાર્ચપ્રધાન છે એની ગણતરી અહીં શાકમાં નથી કરી. સ્ટાર્ચપ્રધાન શાકોમાં બટેટાં, શક્કરિયાં, કંદ, સૂરણ ગણાય. એને અનાજનું પદ આપવું જોઈએ. બીજાં શાક સારા પ્રમાણમાં લેવાવાં જોઈએ. કાકડી, લૂણીની ભાજી, સરસવ, સુવાની ભાજી, ટમેટાં રાંધવાની કશી જરૂર નથી. તેને સાફ કરી બરોબર ધોઈને થોડા પ્રમાણમાં કાચાં ખાવાં જોઈએ.

ફળોમાં મોસમનાં ફળ મળી શકે તે લેવાં. કેરીની મોસમમાં કેરી, જાંબુની મોસમમાં જાંબુ, જામફળ, પપૈયાં, અંગૂર, ખાટાંમીઠાં લીંબુ, સંતરા, મોસંબી વગેરે ફળોનો ઠીક ઉપયોગ થવો જોઈએ. ફળ સવારમાં ખાવાં ઉત્તમ છે. દૂધ અને ફળ સવારે ખાવાથી પૂર્ણ સંતોષ મળી રહે છે. જેઓ વહેલા જમે છે તેઓ સવારના એકલાં ફળ ખાય એ ઈષ્ટ છે.

**૧૫૦ ગાંધીયાત્રા**

કેળાં સરસ ફળ છે. પણ એ સ્ટાર્ચમય હોવાથી રોટલીની જગ્યા લે છે. કેળાં ને દૂધ તથા ભાજી સંપૂર્ણ ખોરાક છે.

મનુષ્યના ખોરાકમાં થોડેઘણે અંશે ચીકણા પદાર્થની જરૂર છે. તે ઘી-તેલથી મળી રહે છે. ઘી મળી રહે તો તેલની કશી આવશ્યકતા નથી. તેલો પચવામાં ભારે હોય છે; શુદ્ધ ઘીના જેટલાં ગુણકારી નથી. સામાન્ય માણસને ત્રણ તોલા ઘી મલે તો પૂરતું માનવું જોઈએ. દૂધમાં ઘી આવે જ છે. એટલે જેને ઘી ન પરવડે તે એકલું તેલ લે તો ચરબી મળી રહે છે. તેલોમાં તલનું, કોપરાનું, મગફળીનું સારું ગણાય. એ તાજાં હોવાં જોઈએ. તેથી દેશી ઘાણીના મળે તો સારાં. ઘી-તેલ બજારમાં મળે છે તે લગભગ નકામાં જેવાં હોય છે, એ ખેદની અને શરમની વાત છે. પણ જ્યાં લગી કાયદા વડે લોકકેળવણી વડે વેપારમાં પ્રમાણિકપણું દાખલ ન થાય, ત્યાં લગી લોકોએ કાળજી રાખીને કદિ સંતોષ નહીં માનવો. ખોરું ઘી કે ખોરું તેલ ખાવા કરતાં ઘી-તેલ વિના રહેવું વધારે પસંદ કરવા જેવું છે.

જેમ ચીકટની ખોરાકમાં જરૂર છે તેમ જ ગોળખાંડની. જોકે મીઠાં ફળોમાંથી પુષ્કળ મીઠાશ મળી રહે છે છતાં બેથી ત્રણ તોલા ખાંડ લેવામાં હાનિ નથી. મીઠાં ફળો ન મળે તો ગોળખાંડની જરૂર હોય. પણ આજકાલ મીઠાઈ ઉપર જે ભાર મૂકવામાં આવે છે તે બરોબર નથી. શહેરના માણસો બહુ વધારે મીઠાઈ ખાય છે. દૂધપાક, બાસૂદી, શિખંડ, પેંડા, બરફી, જલેબે મીઠાઈઓ ખવાય છે. તે બધાં અનાવશ્યક છે. વધારે પ્રમાણમાં ખાવાથી નુકશાન કરે છે. જે દેશમાં કરોડો માણસોને પુરું અન્ન નથી મળતું, ત્યાં જેઓ પકવાન ખાય છે તે ચોરીનું ખાય છે એમ કહેવામાં મને મુદ્દલ અતિશયોક્તિ નથી લાગતી.

જેમ મીઠાઈનું તેમ જ ઘી-તેલનું. ઘી-તેલમાં તળેલી વસ્તુઓ ખાવાની કશી આવશ્યકતા નથી. પૂરી, લાડુ વગેરે બનાવવામાં જે ઘીનો ખર્ચ થાય છે એ કેવળ વગર વિચાર્યું ખર્ચ છે. જેને ટેવ નથી તેઓ આ વસ્તુ ખાઈ જ શકતા નથી. અંગ્રેજો આપણા મુલકમાં આવે છે ત્યારે આપણી મીઠાઈઓ અને ઘીમાં રાંધેલી વસ્તુઓ ખાઈ જ નથી શકતા. ખાનારા માંદા પડ્યા છે એ મેં ઘણીવારજોયું છે. સ્વાદો કેળવેલી વસ્તુ છે. જે સ્વાદ ભૂખ પેદા કરે છે તે સ્વાદ છપ્પન ભોગમાં નથી. ભૂખ્યો માણસ સૂકો રોટલો અત્યંત સ્વાદથી ખાશે. જેનું પેટ ભર્યું છે તે સારામાં સારું ગણાતું પકવાન નહીં ખાઈ શકે.

કેટલું અને કેટલી વખત ખાવું એ વિચારીએ. ખોરાકમાત્ર ઔષધરૂપે લેવો જોઈએ; સ્વાદને ખાતર કદી નહીં, સ્વાદ માત્ર રસમાં રહેલો છે અને રસ ભૂખમાં છે. હોજરી શું માગે છે એની ખબર બહુ થોડાને રહે છે. કેમ કે આદત ખોટી પડી ગઈ છે. (ક્રમશઃ)



**ગાંધીજી લિખિત 'આરોગ્યની ચાવી'માંથી સાભાર**

# સરકારી વિજ્ઞાન કૉલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો








સરકારી વિજ્ઞાન કૉલેજ, સૅક્ટર-૧૫નો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફિલ્મી ગીતો, ગઝલ, ગરબા, ડાન્સ, તલવારબાજી, માર્શલ આર્ટ, ડાયરો જેવી કૃતિઓની પ્રભાવી રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. કમલ જી છાયાએ પોતાના વક્તવ્યમાં આ કાર્યક્રમમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી. કૉલેજના સાંસ્કૃતિક કમિટીના અધ્યક્ષ બી કે ત્રિવેદીની રાહબરી હેઠળ સ્ટાફમિત્રો, વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ સફળ રીતે સંપન્ન કરવામાં આવ્યો હતો.

# ગેમ ડેવલપરના કોર્સ વિષે માહિતી આપવા વિનંતી

**કરિયર કૉર્નર**
**કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ**
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/questions.careercorner પર

**૧. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.ગેમ ડેવલપરના કોર્સ વિષે માહિતી આપશો.**

**- પ્રતિક રાજગોર, ગાંધીનગર**



પ્રતિક, ભારતમાં ગેમ ડેવલપમેન્ટ ઈન્ડસ્ટ્રી ચુનંદા ઉધોગમાંનો એક છે. તેમાં ગેમ ડેવલપર તરીકે કરિયર બનાવી શકો છો. આ માટે શું કરવું પડે તેના વિશે જાણીએ.મુખ્યત્વે બે પ્રકારના પ્લેટફોર્મ પર આપ કામ કરી શકો છો.એક છે મોબાઈલ ગેમિંગ અને બીજું છે કોમ્પ્યુટર ગેમિંગ. સૌપ્રથમ મોબાઈલ ગેમિંગ વિષે માહિતી મેળવીએ. મોબાઈલ ગેમમાં મોબાઈલ ફોન, પીડીએ, હેન્ડહેલ્ડ કોમ્પ્યુટર વિગેરે પર રમી શકાય છે. નેટવર્ક ગેમ માટે અનેક ટેકિનકનો ઉપયોગ થાય છે. કેટલાક નૉન નેટવર્ક એપ્લિકેશન પણ છે. તેનો ઉપયોગ ડિવાઈસ પ્લેટફૉર્મનું ગેમ સોફટવેર ચલાવવામાં થાય છે.સામાન્ય રીતે મોબાઈલ ઓપરેટર કે રેડિયો નેટવર્કના માધ્યમથી ડાઉનલોડ કરાય છે. વીડિયો ગેમ વિકસાવવાનું કામ મુખ્યત્વે પ્રોગ્રામર અને ગ્રાફિક ડિઝાઈનરનું હોય છે. મિલ્ટમીડિયા મનોરંજનના રૂપમાં આધુનિક વીડિયો ગેમમાં ૩-ડી આર્ટ, સીજી ઈફેકટ, સાઉન્ડ ઈફેકટ, સંગીત ઉપર પણ કામ કરી શકો છો.કોમ્પ્યુટર ગેમ્સ માં પર્સનલ કોમ્પ્યુટર પર રમાતી ગેમ્સ મોટા ભાગે એન્ડ-યૂઝર મૉડિફિકેશન્સ સાથે ડિઝાઈન કરાય છે. આઈડી સોફટવૅર, વોલ્વ સોફટવૅર, કાઈટેક, એપિક ગેમ્સ અને બિલ્જાર્ડ એન્ટરટેનમેન્ટ જેવા ડેવલપર્સનો ઉપયોગ ગેમ બનાવવામાં થાય છે.હવે આ ક્ષેત્ર માં આગળ વધવા માટે ગેમ ડેવલપર્સ સામાન્ય રીતે પ્રોગ્રામર, ગેમ ડિઝાઈનર, આર્ટિસ્ટ સાઉન્ડ એન્જિનિયર, પ્રોડયુસર અને ગેમ ટેસ્ટરની નિમણૂક કરે છે. પ્રોગ્રામર નવા સોર્સ કોડ લખે છે. ગેમ આર્ટિસ્ટ ગેમ એસેટ જેમ કે સ્પ્રાઈટ્સ કે ૩ડી મૉડલ વિકસાવે છે. ગેમ ડિઝાઈનર, ગેમની સ્ક્રિપ્ટ લખે છે.સાઉન્ડ એન્જિનિયર સાઉન્ડ ઈફેકટ વિકસાવે છે. જયારે કમ્પોઝર ગેમ માટે સંગીત પીરસે છે. લેવલ ડિઝાઈનર ગેમના લેવલ બનાવે છે અને રાઈટર કટસીન અને એનપીસી માટે ડાયલોગ લખે છે. ગેમ પ્રોગ્રામર સ્ક્રિનની સામે બેસે છે અને આખી ગેમને એક આકાર આપે છે. ગેમ ટેસ્ટર ગેમની ખામીઓ તપાસે છે.ગેમ ડેવલપર બનવા માટે ડિઝાઈનિંગમાં ડિગ્રી કે ડિપ્લેમાનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. ડેવલપિંગમાં સોફટવેર એન્જિનિયરિંગની સાથોસાથ સી પ્લસ પ્લસ, જાવા અને ૩ ડીમાં કુશળતા હોવી જોઈએ.આ અભ્યાસ આપ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ, ઈમેજ કોલેજ ઓફ આર્ટ્સ એનિમેશન એન્ડ ટેકનોલૉજી, ચેન્નઈ સ્કૂલ ઓફ એડવાન્સ ગ્રાફિકસ એન્જિનિયરિંગ, નવી દિલ્હી, નેશનલ મિલ્ટમીડિયા રિસોર્સ સેન્ટર, પૂણે, માયા એકેડમી ઓફ એડવાન્સ્ડ સિનેમેટિક્સ, મુંબઈ જેવી સંસ્થાઓમાંથી કરી શકો છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૨. ૧૨ કોમર્સ પછી મને હોટેલ મેનેજમેંટનો કોર્સ કરવામાં રસ છે. તેના વિષે માહિતી આપવા વિનંતી.**

**- શુભમ પરમાર, ગાંધીનગર**



શુભમ, હોટેલ મેનેજમેંટમાં મુખ્યત્વે ચાર ભાગ હોય છે — ફ્રંટ ઓફિસ, સેલ્સ, ફૂડ એન્ડ બેવરેજ (ફૂકિંગ લગતું) અને હાઉસ કિપિંગ (રખરખાવ). હોટેલ મેનેજમેંટનો કોર્સ કોઈ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કર્યા પછી સારા વિકલ્પ મળતા હોય છે. સારી હોટેલ્સ, ફૂડ ચેન (જેમ કે મેક ડોનલ્ડ્સ), રેસ્ટોરન્ટ અને રીટેલ ચેન (જેમ કે રિલાયંસ માર્ટ) વિગેરેમાં તમને જોબ મળી શકે છે. હોટેલ મેનેજમેંટ કરાવતી ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેમ કે આઈ.એચ.એમ., સિમબાયોસિસ, વિગેરે માટે પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. પ્રવેશ પરીક્ષામાં ૧૦માં ધોરણ સુધી ભણેલું ગણિત, અંગ્રેજી અને તાર્કિક (રીઝનિંગ) પૂછાતું હોય છે.તદુપરાંત સામાન્ય જ્ઞાન (જીકે) અને સર્વિસ એપ્ટિટ્યૂડ પણ પૂછાય છે. પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ વિદ્યાર્થી નો ઈન્ટરવ્યૂ અથવા ગ્રુપ ડિસ્કશન લેવાતું હોય છે. એન.સી.એચ.એમ.સી.ટી નામક પરીક્ષા દ્વારા ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.એચ.એમ. માં પ્રવેશ મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા સ્પોન્સોર્ડ એવી ૨૧ આઈ.એચ.એમ. છે. બીજી એક પ્રતિષ્ઠિત સંસ્થા જ્યાં હું તમારું ધ્યાન દોરીશ તે છે આઈ.એચ.એમ. ઔરંગાબાદ. અહિયાં ભણવા માટે આ સંસ્થાની પોતાની પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. આમ હોટેલ મેનેજમેંટ કર્યા પછી તમને સારા વિકલ્પ મળી શકશે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૩. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. બી.એ.એમ.એસ ડિગ્રી વિષે માહિતી આપશો.**

**- શ્વેતા પટેલ, અમદાવાદ**

બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ) તબીબી ક્ષેત્રે સંકલિત ભારતીય ડિગ્રી છે. આ ડિગ્રી પ્રોગ્રામ એ એવા વિદ્યાર્થીઓને અપાય છે જેઓ આધુનિક દવાઓ અને પરંપરાગત આયુર્વેદનો અભ્યાસ કરે છે. આયુર્વેદ વિશ્વની પ્રાચીન તબીબી પદ્ધતિઓમાંની એક છે. તે તેની મૂળ વેદિક અવધિ તરફ દર્શાવે છે બી.એમ.એસ. (આયુર્વેદિક દવા અને સર્જરીનો સ્નાતક) એ આયુર્વેદિક દવા અને શસ્ત્રક્રિયા પ્રણાલીની શરૂઆતની ડિગ્રી છે,



આયુર્વેદિક દવા અને સર્જરી (બે.એમ.એ.એસ.)ની બેચલર આયુર્વેદિક પદ્ધતિમાં સ્નાતક ડિગ્રી કોર્સ છે. આ ડિગ્રી ૫ વર્ષ અને ૬ મહિનાની ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે જેમાં ૪ અને ૧/૨ વર્ષના શૈક્ષણિક સત્ર અને જીવંત વ્યવહાર સાથે એક વર્ષનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. યુ.જી.(અન્ડર ગ્રેજ્યુએટ) ડિગ્રી કોર્સને પ્રત્યેક ૧.૫ વર્ષના ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગો ત્રણ વ્યાવસાયિક અભ્યાસક્રમો તરીકે ઓળખાય છે. પ્રથમ વ્યવસાયિક કોર્સમાં વિદ્યાર્થીઓને આયુર્વેદિક પદ્ધતિના શરીરરચના, શરીરવિજ્ઞાન અને ઈતિહાસ વિશે શીખવવામાં આવે છે. બીજા કોર્સમાં તેઓને ઝેરી વિજ્ઞાન અને ફાર્માકોલોજી વિશે શીખવવામાં આવે છે અને અંતિમ કોર્સમાં શસ્ત્રક્રિયા, ઇ.એન.ટી., ત્વચા, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન શામેલ છે.આપ હાલ ૧૨ સાયન્સ માં છો તો બરાબર મેહનત કરી ને સારા માર્કસ લાવી આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. હાલમાં આયુર્વેદિક દવાઓ અને સારવારની માંગ ખૂબ વધી છે. વધુમાં લોકોનો તેના પર વિશ્વાસ પણ ખૂબ વધ્યો છે. લોકો વિદેશોમાંથી ભારત આયુર્વેદિક સારવાર લેવા સ્પેશિયલ આવતા થયા છે. ભારત સરકાર દ્વારા પણ ખાસ આયુષ નામક મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આવી વૈકલ્પિક ઉપચારની પદ્ધતિઓને પ્રોત્સાહન મળે. તેથી આ ક્ષેત્રે એક ઉજ્જવળ ભવિષ્ય ચોક્કસ બની શકે છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ ઇદ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner